ક્રિ.કેસ.નં.૩૬/૨૦૧૩

## આંક–૧ લગત હુકમ

રેકર્ડ ધ્યાને લેતા આ કામના આરોપી વિરૂધ્ધ નોંધાયેલ પ્રોહીબીશન ગુના સબંધી ફરીયાદના અનુસંધાને તપાસના અંતે હાલનું ચાર્જશીટ રજુ થવા પામેલ છે. ચાર્જશીટ રજુ થયા બાદ આ કામના આરોપીને અનેકવાર સમન્સ/વોરંટ જારી કરવા છતાં ફરીયાદપક્ષ આરોપીને ટ્રાયલ સારૂ હાજર રાખી શકેલ નથી, જેને કારણે સદરહું કેસ છેલ્લા ઘણા સમયથી પેન્ડીંગ પડી રહેલ છે. આ કામના આરોપી વિરૂધ્ધ નોંધાયેલ ગુનાનું સ્વરૂપ ધ્યાને લેતા સમરી ટ્રાયેબલ પ્રકારનો કેસ છે અને આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી કોઈ જ શકયતા જણાતી નથી તે સંજોગોમાં ક્રિ.પ્રો. કોડ કલમ–૨૫૮ ની જોગવાઈઓ ધ્યાને રાખી આરોપી વિરૂધ્ધની કેસ કાર્યવાહી આથી બંધ પડેલી જાહેર કરવામાં આવે છે.

મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવો.

આરોપી જો રોકડ જામીન પર છુટેલ હોય કે આરોપી પાસેથી રોકડ નાણાં કબ્જે લીધેલ હોય તો તે અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવા.

આ કામે કોઈ મુદ્દામાલ વાહન અથવા અન્ય કોઈ કિંમતી મુદ્દામાલ અટક કરેલ હોય અને તે અંગે વચગાળાનો કોઈ હુકમ થયેલ હોય તો તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે અન્યથા માલિકીનો આધાર રજુ કર્યેથી માલિકને પરત સોંપવાનો અને અપીલ સમય બાદ સરકાર દાખલ કરવાનો હુકમ કરવામાં આવે છે.પુરાવો

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.
તા. ૨૨/૪/૨૦૧૮.

(એન.પી.રાડીયા)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટનં.૨૩, અમદાવાદ.
**(GJ00621)**

KGHOTWANI23/8-1/73